# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- ❖ કેન્દ્ર સરકારે થરાદ-મહેસાણા, અમદાવાદ નેશનલ હાઈસ્પીડ કોરિડોરને મંજૂરી આપી
- ❖ નાગરિકોને એક જ સ્થળે તમામ સેવા મળી રહે તે માટે રાજ્યમાં 32 નવા સિટી સિવિક સેન્ટર શરૂ કરાયા.
- ❖ રાજ્યની 54 નગરપાલિકા માટે નવા અગ્નિશમન સાધનો અને વાહનોની ખરીદી કરાશે
- ❖ સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત રાજ્યમાં 35 નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવશે.
- ❖ અમદાવાદ, ભાવનગર, જામનગર અને રાજકોટમાં હ્યુમન મિલ્ક બેન્ક શરૂ કરાશે.
- ❖ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# NATIONAL HIGHSPEED CORRIDOR

કેન્દ્ર સરકારે રાજ્યમાં થરાદથી અમદાવાદ સુધીના 214 કિલોમીટરની લંબાઈના સિક્સ લેન એક્સેસ કંટ્રોલ્ડ નેશનલ હાઈસ્પીડ કોરિડોર માટે 10 હજાર 534 કરોડ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મંજૂરી આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદના જિલ્લામાંથી પસાર થનારો આ કોરિડોર બનવાથી ઔદ્યોગિક અને આર્થિક વિકાસને વધુ વેગ મળશે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિએ ભારતમાલા પરિયોજનામાં એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત આ મંજૂરી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------

-**(PTC – GANDHINAGAR – PRAVESH.)** -(NAVIN)

# CM CITI CIVIC CENTRES E LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગરના બાલાસિનોર ખાતેથી રાજ્યવ્યાપી 45.47 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત 32 સિટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરાવ્યું હતું. નાગરિકોને એક જ સ્થળેથી તમામ સેવા ઉપલબ્ધ થશે. આ 32 સિટી સિવિક સેન્ટરના લોકાર્પણના આ દ્વિતીય તબક્કામાં બાલાસિનોર, પાટડી, કપડવંજ, બોટાદ સહિતની નગરપાલિકાનો સમાવેશ થાય છે.

આ સિટી સિવિક સેન્ટરમાં મિલકત વેરા, હૉલ બુકિંગ, વેરા આકારણી અરજી, લગ્ન અને વ્યવસાય વેરાની નોંધણી જન્મ-મરણના દાખલા, ગુમાસ્તાધારા પરવાના અને અન્ય અરજીને લગતી કામગીરી કરવામાં આવે છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ નગરપાલિકા ખાતે રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં ‘વન સ્ટોપ સેન્ટર' સિટી સિવિક સેન્ટરને ખૂલ્લું મુકાયું હતું. હાલોલ ખાતે શરૂ થનારા આ નાગરિક સુવિધા કેન્દ્રથી શહેરના 80 હજારથી વધુ લોકોને સીધો લાભ મળશે.

------------------

રીપીટ

# CM GRANTS FIRE EQUIPMENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની 54 નગરપાલિકામાં 71 અગ્નિશમન સાધનો અને વાહનોની ખરીદી માટે 63 કરોડ રૂપિયાના અનુદાનને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આગામી સમયમાં ગુજરાત શહેરી વિકાસ કંપની - GUDC. દ્વારા આગામી સમયમાં નગરપાલિકાઓમાં 18 મિની ફાયર ટેન્ડર, 21 વૉટર બાઉસર, 29 વૉટર કમ ફૉમ ટેન્ડર અને 2 ઇલેકટ્રિક રેસ્ક્યૂ બોટ મળી 71 વાહન ખરીદી કરાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ નગરપાલિકાઓને ફાળવનારા અગ્નિશમન વાહનોમાં G.P.S. ટ્રેકિંગ સિસ્ટમના ઉપયોગ તથા તેના ડેટાને CM ડેસબોર્ડ સાથે લિન્ક કરવાના દિશા-નિર્દેશ પણ આપ્યા છે.

---------------------------------------------------------------------

-(repeat)

# MAHILA ROJGAR MELO

રાજ્યનાં મહિલા - બાળ કલ્યાણ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાએ મહિલાઓને જણાવ્યું કે, સૌ પ્રથમ આપણે આપણું સન્માન કરતા શીખશું તો આપોઆપ બીજા આપણું સન્માન કરશે.

રાજકોટ ખાતે "નારી વંદન ઉત્સવ" અંતર્ગત યોજાયેલા મહિલા સ્વરોજગાર મેળાનો શુભારંભ કરાવતા શ્રીમતી બાબરીયાએ ઉંમેર્યું કે, દીકરીઓએ પગભર થવા સરકારની અનેક યોજના અને મેળાઓનો લાભ લેવો જોઈએ.

આ પ્રસંગે ધારાસભ્ય દર્શિતા શાહે જણાવ્યું કે, માત્ર તાલીમ કે રોજગાર જ નહીં, પરંતુ સરકાર મહિલાઓની સુરક્ષાનું પણ ધ્યાન રાખવામાં આગળ રહી છે.

આ કાર્યક્રમમાં શ્રીમતી બાબરીયાના હસ્તે સ્વરોજગાર મેળવવામાં સફળ થયેલી મહિલા કર્મચારીઓને નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. ઉપરાંત સરકારની વિવિધ યોજના રાષ્ટ્રીય આજીવિકા મિશન, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપ પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના જેવી વિવિધ યોજનાના લાભાર્થી બહેનોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

---

- પીટીસી રાજકોટ / જયેશ વેગડા

-(NAVIN)

# NARI-VANDAN-DISTRICT

તાપી જિલ્લામાં મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી નિમિત્તે મહિલા રોજગાર મેળો યોજાયો હતો. વિવિધ 7 કંપનીઓ આ ભરતી મેળામાં જોડાઇ હતી. દરમિયાન 100 થી વધુ મહિલાઓની વિવિધ કંપનીમાં પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં નારી વંદન ઉત્સવની ઉજવણી અંતર્ગત જિલ્લા કલેકટર કે.સી.સંપટના અધ્યક્ષસ્થાને મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર સંબંધિત તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ચાલતી યોજનાઓ વિશેની જાણકારી આપવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કોલેજની વિશેષ સિદ્ધિ મેળવનાર બાળાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સોમપુરા વાડી, વઢવાણ ખાતે મહિલા સુરક્ષા દિનની ઉજવણી અન્વયે ઘરેલુ હિંસા માર્ગદર્શન સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો.

-------------

PTC-TAPI, SURENDRABNAGAR, JAYESH VEGADA,. SONAL

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# SPORTS COMPLEXES

રાજ્યમાં આગામી સમયમાં સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત જિલ્લાકક્ષાના 13 અને તાલુકાકક્ષાના 22 એમ કુલ 35 નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર કરશે. અમરેલી, આણંદ ભરૂચ, બોટાદ, છોટાઉદેપુર, દેવભૂમિદ્વારકા, ગીર સોમનાથ, જામનગર, મહીસાગર, મોરબી, નવસારી, સુરેન્દ્રનગર અને વલસાડ સહિતના કુલ 13 જિલ્લામાં આ નવા સ્પોર્ટ્સ કોમ્પલેક્સ શરૂ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં પેરિસ ઑલિમ્પિક અને પેરાલિમ્પિકમાં રાજ્યના 5 ખેલાડી આંતરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે. રાજ્યને વિવિધ રમતોમાં ચંદ્રક અપાવનારા ખેલાડીઓની સંખ્યા વધારવાના ઉદ્દેશ્ય સાથે આ માટેની કામગીરી ચાલી રહી છે.

---------------------------------------------------------------------

-(હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ) -(NAVIN)

# WORLD BREASTFEEDING WEEK

રાજ્યમાં અત્યાર સુધી 15 હજાર 820 માતાઓ પોતાના દૂધનું દાન કરી 12 હજાર 403 બાળકોની પરોક્ષ માતા બની છે. ગાંધીનગરની "હ્યુમન મિલ્ક બેન્ક"માં 415 માતાએ 449 બાળકોને નવજીવન આપ્યું છે. હવે આગામી સમયમાં અમદાવાદ, ભાવનગર, જામનગર અને રાજકોટમાં હ્યુમન મિલ્ક બેન્ક શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં સાતમી ઑગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાશે, જેનો ઉદ્દેશ્ય બાળકના જન્મના પ્રથમ કલાકથી જ સ્તનપાનનો પ્રારંભ, 6 માસ સુધી ફક્ત સ્તનપાન પર ઉછેર અને 6 માસ બાદ માતાના દૂધની સાથે ઉપરી આહારની શરૂઆતની પરંપરાની જાગૃતિ કેળવવાનો છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# NARMADA CYBER FROUD

નર્મદા પોલીસે ઑનલાઈન છેતરપિંડીના કેસમાં ભોગ બનનારા પીડિતોને 20 લાખ રૂપિયા પરત અપાવ્યા છે. જ્યારે 8 લાખ 65 હજાર 660 રૂપિયાની રકમ પરત અપાવવાની કામગીરી ચાલી રહી છે. જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુમ્બેએ સાઈબર ક્રાઈમ સલામતી અંગે લોકોમાં જાગૃતિ લાવવા પત્રકાર પરિષદ યોજી આ અંગે માહિતી આપી હતી.

(બાઈટ - જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુમ્બે)

---

-(PTC NARMADA – PRAVESH.)

-(NAVIN)

# GUJARAT RAIN

રાજ્યના હવામાન વિભાગે આજે અને આવતીકાલે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, તાપી, દમણ અને નગર હવેલીમાં ઑરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. આજે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીરસોમનાથમાં ભારે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગની આગાહીને જોતા આગામી ત્રણ દિવસ દરિયાકાંઠાના જિલ્લાઓમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં  છેલ્લા 24 કલાકમાં 226 તાલુકામાં  વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ 5 ઈંચ વરસાદ વલસાડ તાલુકાના કપરાડામાં વરસ્યો છે.

નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, વાંસદા-ચારણવાડા માર્ગ પર આવેલી નદી બન્ને કાંઠે વહેતી થતાં થોડા સમય માટે વાહનવ્યવહાર પણ ખોરવાયો હતો.

મહીસાગર જિલ્લાનાં અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે, જિલ્લામાં લુણાવાડા, ખાનપુર, કડાણા, સંતરામપુર અને બાલાસિનોર તાલુકામાં  સારો વરસાદ પડ્યો છે.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ડાંગ જિલ્લામાં છેલ્લા 14 કલાકમાં સાપુતારા તાલુકામાં પાંચ ઈંચ, આહવામાં સવા બે ઈંચ, વઘઈ સવા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------

- પીટીસી - નવસારી, ડાંગ, મહીસાગર,- સરફરાઝ નાગોરી -(NAVIN)

# PATAN – VYASAN MUKTI

પાટણ ખાતેની સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ વ્યસનમુક્ત રહી વિકસિત ગુજરાતમાં પોતાની મુખ્ય ભૂમિકા ભજવી શકે તે માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, વ્યસનમુક્તિ અભિયાન કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વ્યસનોથી થતાં નુકસાન અને આર્થિક શારીરિક હાનિ અંગે વિસ્તૃત સમજ અને જાણકારી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી પાટણ / જયેશ વેગડા -(NAVIN)

# PANCHMAHAL EK PED MAA KE NAM

પંચમહાલ જિલ્લાના ગોધરા વિધાનસભા વિસ્તારની 72 ગ્રામ પંચાયતમાં ગઈકાલે “એક પેડ માં કે નામ” અંતર્ગત 11 હજાર 151 છોડનું વાવેતર કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સી. કે. રાઉલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન ગોધરા તાલુકા ખાતે યોજાયેલી “સ્વૈચ્છિક રક્તદાન મહાશિબિર”માં 311થી વધુ રક્તદાતાએ રક્તદાન કર્યું હતું.

---

-(પીટીસી – પંચમહાલ – પ્રવેશ) -(NAVIN)

# AMIT SHAH HAR GHAR TIRANGA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે દેશવાસીઓને 'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ 9થી 15 ઑગસ્ટ સુધી પોતાના ઘરમાં તિરંગા લહેરાવવાની અપીલ કરી છે. સાથે જ તેમણે ત્રિરંગા સાથેની સેલ્ફી HARGHARTIRANGA.COM વેબસાઈટ પર અપલોડ કરવા જણાવ્યું છે.

શ્રી શાહે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું હર ઘર તિરંગા અભિયાન છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય આંદોલન બની ગયું છે. આ અભિયાને દરેક ભારતીયમાં મૂળભૂત એકતા જાગૃત કરી છે.

------------------

પીઆઇબી, પ્રવેશ, ,, SONAL